# ગુજરાતી રંગભૂમિનો ઉદ્દભવ અને વિકાસ: શ્રેષ્ઠ પ્રહસન તરીકે 'મિથ્યાભિમાન'

ડૉ. એલ.એસ. મેવાડા
વિજયનગર આર્ટ્સ કોલેજ, વિજયનગર

વિશ્વમાં આવેલી ઔદ્યોગિકક્રાંતિની અસર તળે વિવિધ ક્ષેત્રોમાં અનેક પરિવર્તનો જોવા મળ્યાં, જેમાં સાહિત્યની દુનિયાનો પણ સમાવેશ થાય છે, અને એમાંય મુખ્યત્વે નાટકના સ્વરૂપમાં. ૧૯મી સદીની આ ક્રાંતિએ માનવજીવનની રહેણીકરણી પણ બદલી નાખી. આર્થિક,સામાજિક તેમજ રાજકીય ક્ષેત્રે પણ તેની અસરો જોવા મળી, તો વળી મુંબઈ, કલકત્તા અને મદ્રાસ જેવા શહેરોમાં યુનિવર્સિટીઓ સ્થપાઈ જેના પરિણામે અંગ્રેજી ભાષા અને અંગ્રેજી સાહિત્ય સાથે નાતો બંધાયો. જે જે વિસ્તારોમાં અંગ્રેજો વધુ પ્રમાણમાં રહેતા હતા ત્યાં ઇંગ્લેન્ડથી આવેલી નાટ્યમંડળીઓના નાટ્યપ્રયોગો એક આગવું ઉત્સાહપૂર્ણ વાતાવરણ ઊભું કરવામાં સફળ થયેલા. ઈ.સ. ૧૮૪૨માં મુંબઈમાં શંકરશેઠે સૌપ્રથમ નાટ્યથિયેટર ઊભું કર્યું. ઈ.સ. ૧૮૫૦ સુધી નાટકના નાના-મોટા પ્રયોગો પછી ૧૮૫૨માં કાયદેસરની નાટ્યમંડળી અસ્તિત્વમાં આવી. જેના દ્વારા સમગ્ર દાયકા દરમ્યાન અસંખ્ય નાટકોની ભજવણી થઇ, જેના ફળસ્વરૂપ અનેક નાનીમોટી નાટયમંડળીઓ અસ્તિત્વમાં આવી. ગુજરાતી રંગભૂમિને શરૂઆતના તબક્કાથી જ મરાઠી,ગુજરાતી,પારસીઓ,ભોજક-નાયકો તથા ગાયન-વાદનનો વારસો ધરાવતાઓનો સાથ-સહકાર મળ્યો જેના પરિણામે ગુજરાતી રંગભૂમિનો પાયો દ્રઢ બન્યો. ઈ.સ. ૧૮૫૩માં રામભાઉની મંડળીદ્વારા અમદાવાદમાં ભદ્રના કિલ્લા પાસે આવેલા નરસોપંતના વાડામાં 'દ્રૌપદી વસ્ત્રાહરણ'નો ખેલ ભજવવામાં આવ્યો.રામભાઉ દક્ષિણી પંડિત હતા.

આ કલાને વેગ આપવાનું કામ પારસી લોકોએ કરેલું છે, જે સાહિત્ય તેમજ નાટ્યના શોખીન હતા. આ પ્રવૃતિને તેમણે અભિનય દ્વારા વેગ આપ્યો,તેમનો ઉત્સાહ અનેરો હોવા છતાં તેમની કેટલીક મર્યાદાઓ પણ દેખાઈ આવતી હતી અને તે હતી તેમની ભાષા, શુદ્ધ ગુજરાતી તેઓ બોલી શકતા ન હતા તેમજ હિન્દી તેમજ ઉર્દૂ ભાષાના શબ્દો તેમના ઉચ્ચારણમાં આવતા હોવાથી તેમના સંવાદો કૃત્રિમ લાગતા હતા. આ ઉપરાંત તેમના અભિનય તેમજ નાટકોમાં પણ તેમણે જોયેલાં અને વાંચેલાં નાટકોનું અનુકરણ અને અનુસરણ જોવા મળતું. જેના પરિણામે આવાં નાટકોમાં સાહિત્યિક રસ-રૂચિ તેમજ શિષ્ટ અભિનય પણ જોવા ન મળતો. પરંતુ એક વાત અહીં નોધવા જેવી એ છે કે આ પ્રયોગોથી મનોરંજનની આ પ્રવૃતિને વેગ મળ્યો. આમાં જેનો સૌથી અગત્યનો ફાળો હતો તે હતા પારસી કેખુશરૂ કાબરાજી. જેમણે 'જમશેદ', 'નિંદાખાનું', 'નંદબત્રીસી', 'વિનાશકાળે વિપરીત બુદ્ધિ' જેવાં નાટકો લખેલાં. આ સમય ગાળા દરમ્યાન કુંવરજી નાઝર, દાદાભાઈ અને બાલીવાળા જેવા નાટ્યલેખકો અને નાટ્યકારો પ્રાપ્ત થાય છે. બાલીવાળાતો પોતાની મંડળી પણ ધરાવતા હતા જેનું નામ હતું. 'નીતિદર્શક મંડળી.' આ મંડળી તરફથી 'કામસેન રસિકા', 'સીતાસ્વયંવર', 'ગોપીચંદ રાજા', 'મુચ્છકટિક', 'શંકુતલા' વગેરે નાટકો ઉર્દૂ ભાષામાં ભજવાયેલાં. આ સમયદરમ્યાન કાવસજી ખટાઉએ સ્ત્રી-નટીઓને નાટકમાં સૌ પ્રથમ ઉતારી. ૧૮૭૮માં રણછોડભાઈ ઉદયરામના માર્ગદર્શન નીચે નરોતમ મહેતાજીની આગેવાની હેઠળ એક નાટ્યમંડળીની સ્થાપના કરવામાં આવી. ભવાઈની અશ્લીલતાના વિરોધમાં રણછોડભાઈ ભાઈએ 'હરિશ્ચંદ્ર' નાટક લખ્યું, જે કાબરાજીની વિક્ટોરિયા નાટ્યમંડળીએ ભજવેલું. તેમના 'નળદયમંતી' નાટકની સફળતા જોઇને ગુજરાતી શાળાના શિક્ષકોએ તેની માગણી કરેલી પરંતુ આ

શિક્ષકોનું અપમાન કરીને ફરામજીએ કાઢી મુકેલા. આ બધાએ ભેગા મળીને રણછોડભાઈની મદદ લઇ તેમના માર્ગદર્શન હેઠળ 'ગુજરાતી નાટક મંડળી'ની સ્થાપના કરી. અને આ મંડળીએ સૌ પ્રથમ નાટક ભજવ્યું તે હતું 'લલિતાદુઃખદર્શક' આ નાટકની સમાજ ઉપર ઊંડી અસર પડેલી. આ મંડળી દ્વારા 'બાણાસુર મદમર્દન' (રણછોડભાઈ) અને ભાઈશંકર નાનાભાઈનું 'સુદામાચરિત્ર' પણ ભજવાયેલાં. આ પહેલાં નર્મદ પાસેથી પણ આપણને 'રામજાનકી દર્શન', કૃષ્ણાકુમારી', 'સીતાહરણ' અને 'દ્રૌપદીદર્શન' જેવાં નાટકો મળે છે, નર્મદે આ નાટકો પોતાના ખર્ચને તેમજ થયેલા દેવાની ભરપાઈ કરવા માટે લખેલાં. દલપતરામ પાસેથી આપણને 'લક્ષ્મી' અને 'મિથ્યાભિમાન' તેમજ નવલરામ પાસેથી 'ભટનું ભોપાળું' અને 'વીરમતી' જેવાં નાટકો આ સમયગાળા દરમ્યાન પ્રાપ્ત થાય છે.

ગુજરાતીમાં મૌલિક નાટકો લખાવાની શરૂઆત થયેલી હોવા છતાં નાટ્યકારોના માનસપટ ઉપરથી ભવાઈ-પ્રહસનના સંસ્કારો દૂર થયા ન હતા. નાટ્યસ્વરૂપ અંગેની સમજ તેમનામાં જોવા મળતી નથી એટલેકે આ સ્વરૂપ અંગેની દ્રષ્ટિશૂન્યતા બહુધા પ્રમાણમાં જોવા મળતી હતી. કેટલીક વાર તો કોઈ નાટકની તૈયાર સામગ્રીનો ઉપયોગ થતો, તો રામાયણ-મહાભારત જેવા ગ્રંથોનાં પાત્રોનો બેફામ ઉપયોગ થતો જોવા મળતો. તો કેટલીક વાર બીબાઢાળ અનુવાદો નાટકમાં ખપાવીને સસ્તી લોકપ્રિયતા, તેમજ કીર્તિ, અને પૈસા કમાવી લેવાની વૃત્તિ પણ કેટલાક નાટ્યકારોમાં જોવા મળતી. નાટકનું વિષય-વસ્તુ ગમે તે હોય, પરંતુ નાટકની સમાંતર કોમિક ચાલતું રહેતું. આ કોમિક હાસ્યરસથી ભરપૂર રહેતું. તો વળી નાટકના વિષયમાં પણ હાસ્યરસને સ્થાન રહેતું તેથી હાસ્યની છોળો ઉડતી, કેટલીક વાર આ હાસ્ય પ્રેમશૃંગારની મર્યાદા પણ વટાવી જતું. તો કેટલીક વાર કરુણતાથી ભરપૂર હોવાથી કેટલાયપ્રેક્ષકોની લાગણી પણ દુભાતી. તો સાથે સાથે નાચ-ગાન, મુજરાની થાળી ન પીરસાયતો નાટક અધરું ગણાતું. કેટલીક વાર નાટકમંડળીઓમાં અંદરોઅંદર સ્પર્ધા પણ ચાલતી, આ સ્પર્ધા નાટકના ઉત્કર્ષ માટે નહિ પરંતુ વેપારીલાભ લેવા માટેની રહેતી, કેટલીક મંડળીઓ એકબીજાના નટ-નટોને આર્થિક પ્રલોભનો આપીને પોતાની મંડળીમાં લઇ આવતા. તો વળી કયારેક સંચાલક નાટકના સંવાદો પોતાની મરજી મુજબ બદલી નાખતો, કલાકારોને મન ફાવે તેમ બોલવાનું અને ગીતકાર કે તબલાવાદક કે અન્ય કલાકારને પણ પોતાના વશમાં રાખતો. એટલે કે સંચાલક પોતે એકચક્રી શાસન ચલાવતો. આ રંગભૂમિને વિકૃત કરવામાં પ્રેક્ષકોનો ફાળો પણ એટલો જ રહેતો.તેમની રસ-રુચિને ધ્યાનમાં રાખીને જ નાટકોની રચના થતી. પ્રેક્ષકોને રીઝવવા માટે સંચાલકો નવી નવી પ્રયુક્તિઓ અજમાવતા. જેના પરિણામે કેટલાય નટ-નટીઓના ભાવ પણ રાતોરાત વધી જતા. જેના પરિણામે તેઓ પણ રાતોરાત મંડળીઓ બદલી નાખતા. જેના પરિણામ સ્વરૂપ હલકાં, વૃત્તિને ઉત્તેજે તેવાં નાટકોનું સર્જન થવા લાગ્યું. અને આવાં નાટકો લખનારાઓની જમાત જામી ગઈ. જે હોય તે પરંતુ ગુજરાતીની આ રંગભૂમિ માટે આ શુકનિયાળ સાબિત થયું. આ નાટકો દ્વારા એક લોકપ્રિય સ્વરૂપનું નિર્માણ થયું. જેનો એક વિશિષ્ટ ચાહક વર્ગ ઉભો થયો અને ગુજરાતી રંગભૂમિએ સફળતાનાં શિખરો સર કર્યા. આ સમય દરમ્યાન કેટલાક સારા સર્જકો પણ આપણને મળે છે, જેમણે નાટકમંડળીઓનું દાસત્વ સ્વીકારેલું નહિ. જેમણે પોતાની શક્તિઓથી સારાં નાટકો લખીને રંગભૂમિના વિકાસમાં પોતાનું યોગદાન આપેલું. વાઘજીભાઈ આશારામ ઓઝા આવા લેખક હતા. તેમની પાસેથી આપણને 'સીતાસ્વયંવર', 'દ્રૌપદીસ્વયંવર', 'રાવણવધ', 'ઓખાહરણ', 'પૃથ્વીરાજ રાઠોડ' 'કેશવસિંહ પરમાર', 'ભર્તુહરિ', 'રાજસિંહ', 'સતી રાણકદેવી', 'ચંદ્રહાસ' જેવાં નાટકો પ્રાપ્ત થાય છે, આ નાટકો લખીને તેમણે ગુજરાતી રંગભૂમિને ભવાઈ તેમજ રાસલીલાની પ્રેક્ષકો ઉપર થયેલી માનસિક અસરોને દૂર કરવાનો પ્રયત્ન કરેલો. આ સમય દરમ્યાન અમદાવાદમાં ડાહ્યાભાઈ ધોળશાજીએ 'દેશી નાટક સમાજ'ની સ્થાપના કરી. જેમાં ભજવાતાં નાટકો

બોધપ્રધાન હતાં. તેમણે 'શઠ' પાત્રને પ્રચલિત અને લોકપ્રિય બનાવ્યું, સ્થૂળ બીભત્સ રસની જગ્યાએ તેમણે ઉપકથાઓ પણ પ્રયોજી. તો ગુજરાતી ગરબાનું સંગીત પણ વિકસાવ્યું.

મૂળશંકર હરિનંદ મૂલાણી પાસેથી પણ આપણને 'કૃષ્ણચરિત્ર', 'ઈતિહાસપુરાણ', 'મૂળરાજ', 'વિક્રમચરિત્ર', 'સૌભાગ્યસુંદરી', 'વસંતપ્રભા' જેવાં નાટકો મળે છે. તેમણે 'કાઠીયાવાડી નાટક મંડળી' પણ શરૂ કરેલી પરંતુ તેમાં તેમને સફળતા મળેલી નહિ. ફુલચંદભાઈ ઝવેરચંદ શાહે 'મહાસતી અનસૂયા', 'સાવિત્રી', 'માલતીમાધવ', 'શુકદેવજી' જેવાં નાટકો લખીને એક નવા જ પ્રકારની પ્રણાલિકા ઉભી કરેલી. મણિલાલ 'પાગલ' રઘુનાથ, પ્રભુલાલ દ્વિવેદી, પ્રફુલ્લ દેસાઈ, દામુ સાંગાણી જેવા આ રંગભૂમિના ઉલ્લેખપાત્ર નાટ્યકારો છે. જેમણે રીઢાધંધાદારીઓ સાથે કુનેહપૂર્વક કામ લઈને આ સ્વરૂપને યથાશક્તિ વિકસાવવાનો પ્રયત્ન કરેલો છે. આમ, ઉપરોક્ત સર્જકોને હાથે આ સ્વરૂપનું ખેડાણ થયેલું છે.

**'મિથ્યાભિમાન' ગુ. સાહિત્યનું પ્રથમ પ્રહસન**

પ્રહસન એ સંસ્કૃત ભાષાના નાટ્યસ્વરૂપનો જ એક પ્રકાર છે. આચાર્ય ધનંજય રૂપકના દસ પ્રકાર જણાવે છે તેમાંનો એક પ્રકાર તે આ પ્રહસન. જેનો મુખ્ય રસ હાસ્ય હોય છે. તેનું કથાવસ્તુ પણ નિમ્ન પ્રકૃતિવાળા નાયકનું હોય છે. તેનો નાયક લેખક કલ્પિત હોય છે. પ્રહસનના ત્રણ ભેદ પાડવામાં આવેલા છે. શુદ્ધ, વિકૃત અને સંકર. પ્રહસનનો નાયક પાખંડી, મિથ્યાભિમાનમાં રાચનારો હોય છે. તેના વેશ અને વાણીની ચેષ્ટામાંથી હાસ્ય ઉત્પન્ન થતું હોય છે. નાટ્યશાસ્ત્રમાં પ્રહસનના બે પ્રકાર પાડવામાં આવેલા છે. (૧) શુદ્ધ (૨) સંકીર્ણ.

દલપતરામ દ્વારા લખાયેલું નાટક આ પ્રકારનું છે. જેનું મુખ્ય પાત્ર જીવરામ ભટ્ટનું છે. જે મિથ્યાભિમાની છે. દલપતરામે નાયકના સંવાદોમાં તેનું મિથ્યાભિમાન પ્રગટ કરી આપ્યું છે, આ અભિમાન એવું છે જે માણસને પડતીની દિશામાં લઇ જાય છે. અભિમાનના પાંચ પ્રકારો છે, ધનાભિમાન,ધર્માભિમાન,વિદ્યાભિમન,યૌવાનાભિમાન અને રૂપાભિમાન. આ બધાં અભિમાનોને સર્જકે દ્રષ્ટાંતો સાથે સમજાવ્યાં છે. તેમણે સિદ્ધ કરી આપ્યું છે કે મિથ્યાભિમાન એ માનવ માટે સારું નથી કારણ કે તે પોતાને તો નુકસાન કરે જ છે સાથે સાથે સમાજને પણ નુકસાન કર્તા રહે છે.

આ નાટકમાં જે વિષયવસ્તુ પસંદ કરવામાં આવી છે તેમાં ડગલેને પગલે જીવરામ ભટ્ટની જ હાંસી ઉડાડવામાં આવી છે. જીવરામ ભટ્ટ રતાંધળા છે, પરંતુ આ વાત સ્વીકારવા તે તૈયાર નથી. તે શ્વસુરગૃહે જવા પાડીનું પૂંછડું પકડીને જતા ત્યારે ઊંડા ખાડામાં પડે છે, સાંજે ભોજન વખતે સાસુને પાડી સમજીને લાત મારે છે. નાટકના અંતમાં પોલીસ દ્વારા માર ખાય છે. આમ સમગ્ર નાટકમાં નાયકને દંભી અને ડંફાશ મારનારો બતાવ્યો છે. આટલું નિરૂપણ આ નાટકને પ્રહસન કહેવા માટે પૂરતું છે. આ પ્રહસનમાં લોકનાટક ભવાઈ તેમજ અંગ્રેજી અને સંસ્કૃત નાટકોની અસર પણ જોવા મળે છે.

લેખકે આ નાટક ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના સેક્રેટરી મહેરબાન એમ.એચ. સ્કોટ તરફથી જાહેર થયેલ અને ઠક્કર ગોવિંદજી ધરમશી તરફથી ૧૦૦ રૂપિયાના ઇનામની જાહેરાતના સંદર્ભે લખેલું. આ નાટકની પાત્રસૃષ્ટિ પણ વૈવિધ્યસભર છે. પરંતુ સમગ્ર પ્રહસન પાત્રકેન્દ્રી બનવા પામ્યું છે. આરંભકાળનું  આ નાટક હોવા છતાં સમાજ સુધારણાનું પ્રતિબિંબ આ નાટકમાં જોવા મળે છે. આ ઉપરાંત સમાજની સમસ્યાઓ, રીતરીવાજો,મરણ પાછળના ખોટા ખર્ચાઓ, ભૂતપ્રેત, વહેમ, પાખંડ, દંભ, અપ્રમાણિકતા, કજોડાનો પ્રશ્ન, કન્યાવિક્રય, અંધશ્રધા વગેરે જેવા પ્રશ્નો અહીં જોવા મળે છે. આમ, આ પ્રહસનમાં એ જમાનાની તાસીર જોવા મળે છે.